ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૮૧/૨૨–૨૩/ ૬૦ તારીખ : 22.02.23

**આર.પી.એ.ડી.**

પ્રતિ,

**મે. સિધ્ધી જીનીંગ એન્ડ પ્રેસીંગ,**
**ગીર ગઢડા રોડ,**
**મું.તા.ઉના,**
**જી.ગીર સોમનાથ.**

કેસ નં.૮૧/૨૨–૨૩

**મો.નં– ૯૪૨૪૨ ૦૫૧૭૯**

**વિષય : અમારા વિજ કનેકશનનું મળેલ પૂરવણી બિલ બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૧૦/૧૨/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૨/૧૨/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૧/૨૨–૨૩/૪૧૪૬ તા.૨૬/૧૨/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૧/૨૨–૨૩/૧૮૨ તા.૧૨/૦૧/૨૦૨૩.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૧/૨૨–૨૩/૪૧૨ તા.૩૧/૦૧/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૪/૦૨/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **ઉના.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, શહેર પેટા વિભાગીય કચેરી, **ઉના.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૮૧/૨૨–૨૩**

વાદી :– **મે. જૈન સિધ્ધી જીનીંગ એન્ડ પ્રેસીંગ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૧૪/૦૨/૨૦૨૩** ◈

હાજર રહયા :– **શ્રી પુલકીતભાઈ જૈન (વાદી ના પ્રોપાંઈટર)**

પ્રતિવાદી :– **શ્રી એમ.વી.બાંભણીયાં, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, ઉના.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

મે. જૈન સિધ્ધી જીનીંગ એન્ડ પ્રેસીંગ, મું.તા.ઉના, જી.ગીર સોમનાથની અમારા વિજ કનેકશનનું મળેલ પૂરવણી બિલ બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૮૧/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલી ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૧/૨૨–૨૩/૪૧૪૬ તા.૨૬/૧૨/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૪/૦૧/૨૦૨૩ તથા તા.૧૪/૦૨/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, **તા.૨૪/૦૧/૨૦૨૩**ની સુનાવણીમાં વાદી હાજર રહેલ નહિ જયારે પ્રતિવાદીના પ્રતિનિધિ હાજર રહેલ, **તા.૧૪/૦૨/૨૦૨૩** ની સુનાવણીમાં વાદી શ્રી પુલકીતભાઈ જૈન હાજર પોત રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.વી.બાંભણીયા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, ઉના ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદી શ્રી પુલકીતભાઈ જૈન ની કન્વીનરશ્રી માનનીય ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, જુનાગઢ ને સંદર્ભ પત્ર નં–૪ થી કરેલ રજૂઆત અન્વયે જણાવેલ કે, એમ.આર.આઈ રીપોર્ટમાં એમ.ડી. અંગે કોઈ ક્ષતિ જણાયેલ નથી. તો તેમને આપવામાં આવેલ ફીકસ ચાર્જની રકમ રૂા.૧૪૭૩૫/– શા કારણે આપવામાં આવેલ છે.

૧.૨ એમ.ડી.ફેકટર અન્ય મહિનાઓ સાથે ભિન્નતામાં છે જે તેમના પ્લાન્ટની સ્થાપિત ક્ષમતાની વિરૂધ્ધ છે. એમ.ડી. વધતા KWH સાથે વધારી શકાતુ નથી.

૧.૩ તેમજ ભૂલોની ગણતરી ફેબ્રુઆરી–૨૦૨૨ થી શા માટે કરવામાં આવેલ છે.

૧.૪ ભૂલની ગણતરી મીટર પરીક્ષણની તારીખ થી છેલ્લા ૬ મહિનાની થવી જોઈએ એટલે કે, તા.૨૨/૧૧/૨૦૨૨ થી અગાઉના ૬ મહિનાની થવી જોઈએ.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૧.૫ વધુમાં, વાદીશ્રી ની ફરીયાદ મુજબ જે સદર વિજ કનેકશનનું નવું મીટર પીજીવીસીએલ પેટા કચેરી ઉના શહેર દ્વારા તા.૦૮/૦૨/૨૦૨૨ ના રોજ બદલાવેલ છે. તેના KWH ડેટાનું અત્રેના તાબા હેઠળની પીજીવીસીએલ પેટા કચેરી, ઉના શહેર દ્વારા અપાયેલ કેલ્કયુલેશન શીટ સાથે હજુ વિસંગતતા છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ ઉપરોકત વાદીશ્રી ની ફરીયાદના અનુસંધાને જણાવવાનું કે, વાદીશ્રીને આપવામાં આવેલ ફીકસ ચાર્જની રકમ રૂા.૧૪,૭૩૫/– મજરે આપવા (બિલમાં) અત્રેના તાબા હેઠળની પેટા વિભાગીય કચેરીને જણાવેલ છે.

૨.૨ વાદીશ્રી ને આપવામાં આવેલ એમ.ડી.મુજબ ફીકસ ચાર્જની રકમ પુરવણી બિલમાં આપેલ જે તેમને બિલમા મજરે આપવા અત્રેના તાબા હેઠળની પેટા વિભાગીય કચેરી ઉના શહેરને જણાવેલ છે.

૨.૩ વાદીશ્રી નું મીટર ચેન્જ તા.૦૮/૦૨/૨૦૨૨ થી કરવામાં આવેલ હોવાથી ગણતરી ફેબ્રુઆરી–૨૦૨૨ થી કરવામાં આવેલ છે.

૨.૪ વાદીશ્રી ના મીટરના એમ.આર.આઈ ના ટેમ્પર રીપોર્ટ મુજબ આર.સી.ટી. તા.૦૪/૧૨/૨૦૨૧ ના તથા વાય. સી.ટી. તા.૦૪/૦૪/૨૦૨૨ થી ઓપન બતાવે છે. જે મુજબ ગણતરી કરીને પુરવણી બિલ આપવામાં આવેલ છે.

૨.૫ આ બાબતે જણાવવાનું કે, વાદીશ્રી નું મીટર તા.૦૮/૦૨/૨૦૨૨ ના રોજ બદલાવેલ જે અંગેનું સ્લોનેસ નું બિલ અપાયેલ છે. જેમાં, નવા મીટરના KWH લાગુ પડતા નથી.

૨.૬ સવિનય ઉપરોકત વાદીશ્રીની રજૂઆત ના અનુસંધાને જણાવવાનું કે, સદર બાબતે નાયબ ઈજનેરશ્રી, ઉના સીટી ના સંદર્ભ પત્ર નં–૨ માં જણાવ્યા મુજબ ઉપરોકત પ્રતિવાદીશ્રી નું ગ્રાહક નં–૮૭૦૦૭/૦૦૩૦૬/૦ ના નામનું સિધ્ધિ જીનીંગ એન્ડ પ્રેસીંગ ફેકટરીનું લેબ પરીક્ષણમાં સ્લોનેસ મીટર આવેલ. જેનું પ્રતિવાદીશ્રીને તા.૧૯/૧૧/૨૦૨૨ ના રોજ પુરવણી બિલ આપવામાં આવેલ.જે લેબ નિર્ણય મુજબ કંપનીના પ્રવર્તમાન નિયમ મુજબ આપવામાં આવેલ હતું. જે અંગે વાદીશ્રી દ્વારા તા.૧૦/૧૨/૨૦૨૨ ના રોજ બિલ સુધારણા બાબતે અરજી કરેલ હતી. જે અરજી અન્વયે, વાદીશ્રીને સદર બિલ પ્રવર્તમાન નિયમ મુજબ આપવામાં આવેલ છે તેવું ગ્રાહકને રૂબરૂ જણાવેલ.

૨.૭ તેમજ સદર બિલનું પેમેન્ટ રકમ રૂા.૬૬,૨૯૨/– વાદીશ્રી દ્વારા તા.૧૭/૧૨/૨૦૨૨ ના રોજ ઓનલાઈન ટ્રાન્ઝેકશન નં–૧૩૩૨૬૩૮૩૮૪૫ થી ભરેલ છે.

૨.૮ આમ, ઉપરોકત વાદીશ્રી ને મળેલ ઉપરોકત પુરવણી બિલ (ફિકસ ચાર્જ ની રકમ સિવાયનું) કંપની ના નિયમ મુજબ યોગ્ય છે. જે વાદીશ્રી એ ભરપાઈ કરી આપેલ છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

3.૧ વાદી મેં. સિદ્ધી જીનીંગ એન્ડ પ્રેસીંગ – ઉના દ્વારા તેમના ઓદ્યોગિક હેતુનું વીજ કનેક્શન નંબર ૮૭૦૦૭/૦૦૩૦૬/૦ ની પ્રતિવાદી પીજીવીસીએલની કચેરી દ્વારા ચેકિંગ કરતા લેબ રીપોર્ટને આધારે આપવામાં આવેલ સ્લો મીટરના રૂ.૬૬,૨૯૨=૬૦ના પુરવણી બીલ અંગે વિવાદ ઉભો થતા ફોરમને રજૂઆત કરેલ છે.

3.૨ તા. ૨૪.૦૧.૨૩ ની પ્રથમ સુનાવણીમાં વાદી હાજર રહેલ નહિ જયારે પ્રતિવાદી તરફે શ્રી કે.કે.સોલંકી – ના.ઈ.હાજર રહેલ, તા. ૧૪.૦૨.૨૩ આજરોજની બીજી સુનાવણીમાં વાદી વતી તેમના માલિક શ્રી પુલકીતભાઈ જૈન તેમજ પ્રતિવાદી તરફે શ્રી એમ.વી. બાંભણિયા કાર્યવાહક કાર્યપાલક ઈજનેર – ઉના વિભાગીય કચેરી હાજર રહી લેખિત તેમજ મોખિક રજુઅતો કરેલ છે.

3.3 રજુ થયેલ દસ્તાવેજોને ધ્યાને લેતા ફોરમને જણાય છે કે વાદીના ૯૪ કી.વો. ના એલ.ટી.એમ.ડી. ટેરીફ હેઠળના વીજ કનેક્શન પ્રતિવાદી દ્વારા તા. ૨૨.૧૧.૨૨ના રોજ થયેલ તપાસના લેબ પરીક્ષણના આધારે મીટર ૫૬.૨૫% ધીમું ફરતું માલુમ પડતા ૬૬,૨૯૨=૬૦ નું પુરવણી બીલ આપવામાં આવેલ છે જેમાં એમ.ડી. ભૂલ ના રૂ. ૧૪,૭૩૫/- સહિતનું બીલ પ્રતિવાદી એ આપેલ છે.

3.૪ રજુ થયેલ ચેકિંગ શિટ, કેલ્ક્યુલેશન શીટ, બીલ નકલ એમ.આર.આઈ રીપોર્ટ વગેરેનો અભ્યાસ કરતા માલુમ પડે છે કે ગ્રાહકનું મીટર તા. ૦૮.૦૨.૨૨ થી ૪.૪.૨૨ સુધી **R** ફેજ ઓપન હોઈ 33% સ્લો હતું જયારે કે તા. ૦૫.૦૪.૨૨ થી તા. ૨૨.૦૯.૨૨ સુધી **Y** ફેજ પણ ઓપન હોઈ ૬૬% સ્લો ફરતું હોવાનું સાબિત થયેલ છે.

3.૫ સદરહુ કેસમાં પ્રતિવાદી દ્વારા વાદીનું મીટરતા. ૦૮.૦૨.૨૨ થી ચેન્જ કરવામાં આવેલ હોઈ બીલની ગણત્રી ફેબ્રુ.-૨૨ થી કરવામાં આવેલ છે તથા તા. ૧૯.૧૧.૨૨ ના રોજ પૂરવણી બીલ આપવામાં આવેલ છે.

3.૬ જી.ઈ.આર.સી. ના સપ્લાય કોડના નોટીફીકેશન ન. ૪/૨૦૧૫ ના ક્લોઝ ન.૬.33 મુજબ પ્રતિવાદી ટેસ્ટીંગ તારીખના સમય થી વધુમાં વધુ ૬ માસનું સ્લોનેસ નું બીલ વસુલવા હકદાર છે, જયારે કે અહી પ્રતિવાદી દ્વારા ૬ થી વધુ માસના સમયનું પુરવણી બીલ વાદીને આપી વસુલાત કરેલ છે.

3.૭ ઉપરોક્ત તારણ ન.3.૪,3.૫, અને 3.૬ ને ધ્યાને લઇ આથી હુકમ કરવામાં આવે છે કે પ્રતિવાદી એ વાદીને આપેલ ૬૬,૨૯૨=૬૦નું બીલ રદ કરી જી.ઈ.આર.સી.ના નોર્મ્સ મુજબ ૬ માસની ગણત્રી તારણ ન. 3.૪ માં

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

દર્શાવ્યા મુજબનું રિવાઈઝડ બીલ વાદીને આપવું તેમજ વાદી દ્વારા હાલ પુરેપુરી રકમ ભરપાઈ કરી આપેલ હોઈ, તફાવતની રકમ વાદીના ખાતા માં જમા આપવી. પ્રતિવાદી દ્વારા એમ.ડી.ના ફીક્ષચાર્જની વસુલેલ રકમ રૂ. ૧૪,૭૩૫/- પરત આપવાનું સ્વીકારેલ છે તે રકમ જમા મળે તે પણ વિભાગીય કચેરી દ્વારા સુનિશ્ચિત કરવાનું રહેશે.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " 3.૭ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કંમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણબાગ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
**(એન.આઈ.ઉપાધ્યાય)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૧૪/૦૨/૨૦૨૩.**

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar